## સલામી સવારની..

**સુપ્રભાતમ્**

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*શાંત સરોવરે નાખ્યો પથ્થર, વમળ સર્જ્યાં!*
*ખિલ્યો સંતાપનો સૂર્ય નોટાનાં કમળ સર્જ્યાં!*
*ઉમળકો વચનપાલનનો કુધા અંધારામાં -*
*'બે નંબરી' ના નામે અર્થતંત્રે વમળ સર્જ્યાં!*

**હાઈકુ**

*થયા છે ચૂપ!*
*'અરૂણ'ના તાપમાં -*
*'સ્વામી' શેકાય...*
*(સુબ્રમણ્યમ શાંત)*

*થૈ ગ્યું ગરીબ!*
*નાણા વિનાના નાથ!*
*'ગઠબંધન!'*
*(પ્રશાંત અશાંત)*

### ચિંતન

***સુત બિત લોક ઈષના તીની, કેહિ કૈ મતિ ઈન્હ કૃત ન મલીની***

ઉપરોક્ત ચોપાઈ ઉત્તરકાંડમાંથી લેવાયેલ છે.

પુત્ર-ધન અને લોકપ્રતિષ્ઠા આ ત્રણ એષણાએ કોની બુદ્ધિ મલીન નથી કરી??

પુત્ર-સંતાનની ઈચ્છા માણસને ગાડપણની હદ સુધી લઈ જાય છે ઘણી ભોળી સ્ત્રીઓ સંતાનની એષણામાં સાધુ-બાવા-ભૂવાના ચક્કરમાં અટવાઈ જીવન ધૂણધાણી કરી નાખે છે.

પ્રતિષ્ઠા મેળવવા માટે પણ માણસ કોઈ પણ હદે સ્પર્ધાની ઘેલછામાં ઘણું ગુમાવે છે.

અને ધન પ્રાપ્તિ માટે ટૂંકા અને ખોટા રસ્તે માણસ લૂંટ-ચોરી-છેતરપીંડી ઉપરાંત સગા-સંબંધીની હત્યા સુધીનાં હિચકારા કૃત્યો કરતાં પણ જરાય અચકાતા નથી.

પુત્ર-ધન અને લોકપ્રિયતા માટે માણસની મતિ મલીન થઈ જાય છે સાચું-ખોટુંનો વિવેક રહેતો નથી - સ્વાર્થમાં અંધ થઈ જાય છે.

### સુવિચાર

- સમાજની માનસિકતા ટાલિયા જેવી છે, ટાલિયાઓની વસ્તીમાં કોઈને માથે વાળ ઊગે તો બીજા ટાલિયાઓ એને પોતાનું અપમાન સમજે છે - **શાહબુદ્દિન રાઠોડ**
- સોનાની દુકાને જઈ માણસ એવું નથી પૂછતો... 'સોનુ કેમ મણ આપ્યું...?' અને લોખંડની દુકાને જઈને તે એવું નથી પૂછતો... 'એક તોલો લોખંડનો શું ભાવ છે...?' - **એસ. ભટ્ટાચાર્ય**
- માણસ ઈશ્વરની એસેટ્સ છે. યાદ રહે માણસને કદાચ ઈશ્વર વિના પરવડી શકે પણ ઈશ્વરને માણસ વિના કદી ચાલવાનું નથી - **જનકલ્યાણ**
- પોતાની નિર્ણયશક્તિ ન હોય એવો માણસ કપાયેલા પતંગની જેમ કયારે કઈ દિશામાં જશે તે કહી શકાતું નથી - **સંત રોબિન**
- બે વાત સૌએ યાદ રાખવા જેવી છે... પ્રેમ પ્રોપર્ટી નથી... પણ પ્રેમ જેવી પ્રોપર્ટી બીજી એકેય નથી - **વજુ કોટક**
- દરેક પુસ્તકને બે કિંમત હોય છે. એક એના પૂંઠા પર છપાયેલી હોય છે... અને બીજી વાંચતીવેળાએ વાચકોના દિલમાં અંકાતી હોય છે - **મોરારિ બાપુ**

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

કૃષ્ણસિંહજી મોટા જાગીરદાર હતા. સત્સંગ અને સ્વાધ્યાયથી સંસાર પ્રત્યે વૈરાગ્ય જાગ્યો ઘરબાર છોડી તપશ્ચર્યા માટે નીકળી પડ્યા - તપ દ્વારા જ્ઞાન પ્રાપ્ત થયું અને સંત કૃષ્ણદાસજી વૈરાગીબાબા તરીકે ખ્યાત થયા - ત્યાગ પછી માત્ર એક તૂંબડું સાથે રાખતા જે ખાવા-પીવાના 'સાધન' તરીકે કામ આવતું હતું.

એકવાર બપોરે નદી કાંઠે પાણી પીવા જતા હતા વિચાર્યું તૂંબડાંમાં ઠંડુ પાણી ભરી એક વૃક્ષની છાયામાં બેસી નિરાંત પાણી પીઉં.

... ત્યાં એક રૂષ્ટપૃષ્ટ કૂતરું પાછળથી દોડતું આવ્યું અને બે પગ નદીમાં રાખી ખુશખુશાલ રીતે બચ-બચ કરતું પાણી પીવા લાગ્યું અને કાંઠે ઉભેલા સ્વામીજી સામે જોઈ જાણે કંઈક કહેતું હોય તેમ - મરકી ફરી પાણી પી જતું રહ્યું...

સ્વામીજીએ વિચાર્યું કે આ કૂતરું કેવી અપરિગ્રહી છે તેની પાસે તૂંબડું પણ નથી, મારી સામે જોઈ કદાચ એ એવું જ કંઈક કહેવામાં માગતું હશે!

સ્વામીજીએ તૂંબડું નદીમાં ફેંક્યું - ખોલે ખોબે પાણી પીધું... ખૂબ સંતોષ થયો.

# વિદેશોમાં ઠલવાતું દેશનું બુદ્ધિધન

**તંત્રીસ્થાનેથી...**

વાઈબ્રન્ટ સમિટમાં વિદેશી યુનિવર્સિટીઓના સ્ટૉલ ઊભા કરાવી ગુજરાતના વિદ્યાર્થીઓને સીધો પ્રવેશ મળે એવી વ્યવસ્થા કરાઈ રહી છે. શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આપેલ માહિતી મુજબ હવે ગુજરાતી વિદ્યાર્થીને વિદેશી યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવવામાં દલાલો દ્વારા થતી કનડગત ઓછી થશે. વળી પ્રવેશ મળી જવાની વિઝા મેળવવામાં પણ રાહત રહેશે. ગુજરાતમાં યોજાતા વાઈબ્રન્ટ પર્વનો પ્રારંભ તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના કાર્યકાળમાં થયો હતો. આ 'વાઈબ્રન્ટ ગુજરાત' નો ઉત્સવ એક રીતે ગુજરાત સરકારની પ્રચારલીલાનો જ એક ભાગ છે, પરંતુ એથી પ્રજાને, સવિશેષ વેપારીઓ, નિકાસકારો અને નાના ઉદ્યોગોને ફાયદો થયો છે, એની નોંધ પર લેવી જ રહી. ગુજરાતને 'ગ્લોબલ' કક્ષાએ ઊંચકવામાં આ ઉત્સવનો ફાળો ખૂબ મહત્ત્વનો છે. ગુજરાત ભારતનું પ્રગતિશીલ રાજય છે, જયાં આર્થિક રોકાણ કરવાની વિશેષ અનુકૂળતાઓ છે, એવી એક વૈશ્વિક છાપ ઊભી થવા પામી છે. શરૂથી જ અનેક વિદેશી કોર્પોરેટ ગૃહો અને સરકારો સાથે ઘણા એમઓયુ થતા રહ્યા છે. એ પૈકી કેટલાક કાર્યાન્વિત પણ થઈ રહ્યા છે. વિદ્યાર્થી આજથી ચાળીશ - પચાસ વર્ષ અગાઉ ગુજરાતમાં જ ભણીઘણીને ગુજરાતમાં જ નોકરીધંધો કરવાની સંકુચિત માનસિકતા ધરાવતો હતો. ફક્ત મેડિકલ ગેજ્યુએટો વધુ શારી કારકિર્દી બનાવવા અમેરિકા કે ઈંગ્લેન્ડ તરફ નજર દોડાવતા. ભારતમાંથી બુદ્ધિધન વિદેશમાં ન ઘસડાઈ જાય એટલા સારું કેન્દ્ર સરકારે અમેરિકા દ્વારા લેવામાં આવતી પ્રવેશ પરીક્ષા 'ઈસીએફએમજી' નાં દેશનાં કેન્દ્રો બંધ કરી દીધાં હતાં, એટલે એમ.બી. બી.એસ. પસાર કરનાર વિદ્યાર્થીને કોલંબો કે કુઆલાલંપુર જઈને એ પરીક્ષા આપવી પડતી. ભારત સરાકરે શ્રીલંકા સરકાર પણ દબાણ લાવી કોલંબોમાં પણ ભારતીય તબીબી સ્નાતકોને પ્રવેસ પરીક્ષા નહીં આપવા દેવા સહમત કરી દીધેલી! આજે આવાં બંધનો ચાલી શકે એમ નથી. આખી દુનિયા હવે એક ગ્લોબલ વિલેજ જેવી બની ગઈ છે. એ સંજોગોમાં વાઈબ્રન્ટ ઉત્સવમાં વિદેશી યુનિવર્સિટીઓના પ્રતિનિધિઓ સામે ચાલીને હાજર રહી આપણા વિદ્યાર્થીઓને પ્રવેશ આપે તો દેખીતી રીતે વિદ્યાર્થીઓ અને વાલીઓને ઘણી જ અનુકૂળતા રહે એમ છે. વચ્ચે તો ઘણા વર્ષો સુધી આવા પ્રવેશ માટે દલાલોને બખ્ખા થઈ ગયા. મહત્ત્વાકાંક્ષી વિદ્યાર્થીને વિદેશ મોકલવા માટે યુનિવર્સિટીમાં પ્રવેશ અપાવવાનો સલામત રસ્તો ખોલી આપનારા દલાલો વાલીઓ પાસેથી મોં માગી ફી વસૂલતા રહ્યા છે. હવે જેન્યુઈન - સાચદિલ વિદ્યાર્થીઓને યુનિવર્સિટીઓના અધિકૃત એજન્ટો સીધો પ્રવેશ આપશે એટલે વચેટિયા દલાલો દ્વારા વસૂલાતી વધારાની ફીમાંથી રાહત મળશે. અલબત્ત, ગ્લોબલાઈઝેશનના યુગમાં ગુજરાતી વિદ્યાર્થીઓમાં વિદેશ જઈ કારકિર્દી બનાવવાની ભારે ઘેલછા પ્રવર્તી રહી છે, અને એને ગુજરાત સરકાર પણ પ્રોત્સાહન આપી રહી છે, પણ એથી આપણી બૌદ્ધિક સંપદા દેશ બહાર ચાલી જઈ રહી છે, તે મુદ્દો પણ વિચારવા જેવો છે. વિદેશમાં ભણવા જતા વિદ્યાર્થીઓ યેનકેનપ્રકારણે વિદેશમાં જ સ્થાયી થવાનો પ્રયાસ કરે છે. તેઓ દેશને ભૂલી નથી જતા એ સાચું, પણ એમની ત્રીજી પેઢી માટે દેશ પારકો જ બની રહે છે. શું આપણે અહીં જ એવી વ્યવસ્થા અને ગુણવત્તા ન ઊભી કરી શકીએ કે જેથી આપણું બુદ્ધિ ધન બહાર જતું અટકે?

# દિવ્યાંગ મહિલા રમતવીર મલાથી કૃષ્ણમૂર્તિની અનોખી સિદ્ધિ



**નાને દીવડે દિવાળી**
અનિતા તન્ના

બેંગ્લોર ખાતે ભારતની દિવ્યાંગ મહિલા રમતવીર મલાથી કૃષ્ણમૂર્તિએ અનેક સિદ્ધિઓ મેળવીને ભારત અને માનવતાનું નામ રોશન કર્યું છે. સંપૂર્ણ શરીર લકવાગ્રસ્ત હોવા છતાં તેમણે કિસ્મતને દોષ નથી આપ્યો અને ક્યારેય હાર નથી માની. સખત મહેનત કરી જીવનમાં સફળતા મેળવીને તેઓ સમાજમાં પ્રેરણારૂપ બન્યાં છે. આજે તેઓ ભારતનાં જાણીતાં પૈરા ઍથલીટ છે.

મલાથી કૃષ્ણમૂર્તિ હોલ્લાનો જન્મ છઠ્ઠી જુલાઈ, ૧૯૫૮માં બેંગલોરમાં થયો હતો. તેમના પિતા એક નાનકડી હોટલ ચલાવતા હતા અને તેમનાં માતા ઘરે રહીને ચાર બાળકોની સંભાળ રાખતાં હતાં.

જયારે મલાથી એક વર્ષનાં હતાં ત્યારે તેમને તાવ આવ્યો હતો. તેમના ઘરના લોકો તેમની બીમારીને સમજે એ પહેલાં તેમનું પૂર્ણ શરીર લકવાગ્રસ્ત થઈ ગયું હતું. સતત બે વર્ષ સુધી વીજળીના શોક આપીને તેમની સારવાર કરવાથી શરીરના ઉપલા ભાગ પર તેની અસર થઈ. જેને પરિણામે તેમના શરીરના કમરના નીચેનો ભાગ લકવાગ્રસ્ત થઈ ગયો. મજબૂત મનોબળ અને હિંમત ધરાવતાં મલાથીએ સંજોગો સામે હાર ના માની. તેમણે રમત (સ્પોટર્સ)ને પોતાના દર્દની દવા બનાવી દીધી. આજે તેઓ ભારતનાં પ્રસિદ્ધ ખેલાડીઓ પૈકીનાં એક છે.

મલાથી કૃષ્ણમૂર્તિએ આજ સુધી ત્રણસોથી વધુ ઍવોર્ડ અંકે કર્યા છે. જેમાં ભારતના ટોચના અર્જુન અને પદ્મશ્રી ઍવોર્ડનો પણ સમાવેશ થાય છે.તેમણે સાઉથ કોરિયા, બાર્સિલોના, એથેન્સ અને બેઈજિંગમાં યોજાયેલા પૈરાઓલંપિક, બેન્ગકોંક, સાઉથ કોરિયા, કુઆલામ્બામુપુમાં યોજાયેલ એશિયન ગેમ્સમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. આ ઉપરાંત ડેનમાર્ક અને ઓસ્ટ્રેલિયામાં આયોજિત માસ્ટર્સ ઓપેન ચેમ્પિયનશિપ અને કોમનવેલ્થ ગેમ્સમાં પણ તેમણે ભારતનાં રમતવીર તરીકે ભાગ લીધો હતો.

મલાથી કૃષ્ણમૂર્તિ સિન્ડીકેટ બેન્કમાં મેનેજર તરીકે ફરજ બજાવે છે. આ મહિલા પોતાના મિત્રોની મદદથી માથરું ફાઉન્ડેશન ચલાવે છે. આ સંસ્થાએ સોળ શારીરિક અસમર્થ બાળકો દત્તક લીધાં છે. મલાથી છ હજાર બેન્ક ગ્રાહકોના એકાઉન્ટ નંબર સહેલાઈથી યાદ રાખી શકે છે.

આઠમી જુલાઈ, ૨૦૦૯ના રોજ તેમની આત્મકથા "અ ડિફરેન્ટ સ્પિરિટ" પ્રકાશિત થઈ હતી.

ઘણા લોકો શારીરિક અક્ષમતા સામે રડતા કે ફરિયાદો કરતા હોય છે. કેટલાક સ્વસ્થ લોકો પણ પોતાની અસફળતાનો દોષ કિસ્મતને આપતા હોય છે. આવા લોકોએ મલાથી કૃષ્ણમૂર્તિ હોલ્લા પાસેથી શીખ લેવી જોઈએ.

# માટીની મમતનું માર્મિક ગીત : ગામ જવાની હઠ છોડી દે



બાની સાથે ગયું બાળપણ ગામ જવાની હઠ છોડી દે
વસતિ વચ્ચે વિસ્તરનું રણ ગામ જવાની હઠ છોડી દે
બન્યો ડેમ ને નદી સુકાઈ ગામ જવાની હઠ છોડી દે
ખેતર વૃક્ષો ગયાં કપાઈ ગામ જવાની હઠ છોડી દે
ચોરો તૂટ્યો ગયા પાળિયા ગામ જવાની હઠ છોડી દે
નથી ગોખળા બચ્યા આળિયા ગામ જવાની હઠ છોડી દે
નથી વાવતા ભાઈ મકાઈ ગામ જવાની હઠ છોડી દે
લોહી ખરું પણ નથી સગાઈ ગામ જવાની હઠ છોડી દે
નથી ઓટલે ભીંતે ઓકળી ગામ જવાની હઠ છોડી દે
સગપણ ભૂલી પ્રજા મોકળી ગામ જવાની હઠ છોડી દે
પાદર રસ્તા નામ પૂછશે ગામ જવાની હઠ છોડી દે
'કોનું છે ભૈ કામ ?' પૂછશે ગામ જવાની હઠ છોડી દે
સગાં અને સગપણ સૌ છૂટ્યાં ગામ જવાની હઠ છોડી દે
ખેતર સાથે અંજળ ખૂટ્યાં ગામ જવાની હઠ છોડી દે
તને કોકનાં વેણ વાગશે ગામ જવાની હઠ છોડી દે
વાતવાતમાં દુઃખ લાગશે ગામ જવાની હઠ છોડી દે
આંબા રાયણ મહુડા કયાં છે? ગામ જવાની હઠ છોડી દે
નોધારી ટેકરીઓ ત્યાં છે ગામ જવાની હઠ છોડી દે
ગયા સોબતી ના રહી શાળા ગામ જવાની હઠ છોડી દે
બધા લોક શીખ્યા સરવાળા ગામ જવાની હઠ છોડી દે
નથી નેળિયાં સડકો થૈ ગૈ ગામ જવાની હઠ છોડી દે
એક સીમ પણ ધોખો દૈ ગૈ ગામ જવાની હઠ છોડી દે
છાશ રોટલો ગયાં વસૂકી ગામ જવાની હઠ છોડી દે
માટીએ પણ માયા મૂકી ગામ જવાની હઠ છોડી દે

- મણિલાલ હ. પટેલ

**મોરપીંછના રંગ**
ડો. કનૈયાલાલ ભટ્ટ

ગુજરાતી કવિતામાં વતનપ્રેમના ઘણા કાવ્યો લખાયા છે. વતન છોડ્યાની પીડા, ઝૂરાપો અનેક કવિઓએ કલાત્મક રીતે કાવ્યબદ્ધ કર્યો છે. પરંતુ આજથી ૩૩ વર્ષ પહેલાં ૩૪ વર્ષની ઉંમરે આપણી ભાષાના જાણીતા કવિ અને વિવેચક ડૉ. મણિલાલ હ. પટેલની કલમે ગુજરાતી ભાષાનું એક યાદગાર કાવ્ય-ગીત 'ગામ જવાની હઠ છોડી દે' લખાયેલું. જે ૧૯૮૩માં પ્રગટ થયેલા કવિના કાવ્ય સંગ્રહ 'પદ્મ વિનાના દેશમાં' સમાવિષ્ટ થયેલું છે.

પ્રથમ જ પંક્તિમાં હૃદયને ચીરી નાખે એવી વેધક પીડા વ્યક્ત કરતા કવિ કહે છે કે -

'બાની સાથે ગયું બાળપણ, ગામ જવાની હઠ છોડી દે,
વસતિ વચ્ચે વિસ્તરણું રણ, ગામ જવાની હઠ છોડી દે'

આજે 'બા' શબ્દ 'મમ્મી'માં ફેરવાઈ ગયો છે. હવે પરિવારોમાં 'બા' રહ્યા નથી. માત્ર 'મમ્મી' ની કે 'આયા'ની આંગળી પકડીને મોટું થતું બાળક 'બા'નો પ્રેમ કયાંથી પામી શકે? અને જે ઘરમાં 'બા' નથી ત્યાં 'બાળપણ' પણ કયાંથી હોય? એટલે તો કવિ કહે છે કે ગામ જવાની હઠ છોડી દે, હવે એ ગામમાં જઈને શું કરીશ? હવે તો એ ગામની વધતી જતી વસતિ પણ વસતિ નથી જાણે કે રણ વિસ્તરતું હોય એવું લાગે છે. ચારે તરફ સન્નાટા. લીલાછમ્મ વૃક્ષો જેવા જે અગાઉ સંબંધો હતા તે ઘટી રહ્યા છે.

જે ગામના પાદરે કલરવ કરતી નદી વહેતી હતી તે નદી પણ સુકાઈ ગઈ છે અને ત્યાં હવે ડેમ બંધાઈ ગયો છે. વૃક્ષોની સાથે ખેતર પણ કપાઈ ગયા છે. ત્યાં હવે નથી ઠંડક કે નથી છાયો એ ગામ જવાની હઠ છોડી દે.

ગ્રામ સંસ્કૃતિનો રખેવાળ ચોરો હવે તૂટી ગયો છે. શૂરાતન ભર્યા પ્રસંગોના પહેરેદાર પાળિયાઓ પણ હવે નથી રહ્યા. હવે ઘરોમાં ગોખલા નથી રહ્યા. અન્ય ધાન્યના પ્રભાવમાં હવે ભાઈઓ મકાઈ પણ નથી વાવતા કે જે મકાઈના રોટલા અને ડુંગળીનો દડો મુઠ્ઠીથી તોડીને મીઠાશથી ખાતા હતા. તે હવે નથી રહ્યું. એક જ કુટુંબનું લોહી છે પણ એ સગાઈ હવે નથી રહી. એવા ગામ જવાની હઠ છોડી દે એવું કવિ પોતાની જાતને સમજાવે છે. કવિના પ્રત્યેક ધબકારમાં 'ગામડું' ધબકે છે. પણ ગામડું છોડ્યાને વર્ષો વિત્યા છે. હવે બધું ય બદલાઈ ગયું છે. ગામડામાં ગૌછાણથી ઓટલા અને ઘરની દીવાલો લીંપવાની પરંપરા આજે કયાં રહી છે ? એમાં હાથની આંગળીથી ચિતરાતી ડિઝાઈન પણ લુપ્ત થઈ ગઈ છે. આજે ઓટલે કે ભીંતે ઓકળી કયાં છે? તો વળી હવે ગ્રામપ્રજા પણ શહેરીજનની જેમ સગપણને ભૂલવા લાગી છે. એવા ગામમાં જઈને શું કરીશ?

હવે એ ગામના પાદર રસ્તાઓ પણ અજાણ્યા થઈ ગયા છે. તું જઈશ તો તારું નામ પૂછશે. અને પૂછશે કે કોનું છે ભૈ કામ? ત્યારે તું શું કરીશ? હવે તારું ત્યાં કોઈ નથી વસતું. તારા શ્વાસોમાં માટીની જે મહેક હતી તે હવે નથી રહી. હવે એ બધા સગા ને સગપણ સૌ છૂટી ગયા છે. ખેતર સાથેના અંજળપાણી ખૂટી ગયા છે. હવે એ ગામ જઈને શું કરીશ?

આટલા વર્ષોથી ગામ છોડી દીધું. કયારેક એ ગામની એ ધૂળ, વૃક્ષો, શેરી, પાદર, નદી, નાળા, સંબંધોની ભાળ ન લીધી અને હવે આટલા વર્ષે એ ગામમાં જઈને શું કરીશ? તારો જે ગામ સાથેનો 'ધૂળસંબંધ' હતો એ તો તે તોડી નાખ્યો છે તો હવે ત્યાં જવાની જીદ શા માટે? હવે ત્યાં જઈશ તો કો'કના વેણ વાગશે. વાત વાતમાં દુઃખ પણ લાગશે. કેમ કે હવે ત્યાં બધાની એ પહેલાની ભાષા નથી રહી. હવે એમાં વ્યંગ્ય આવશે.

હવે એ આંબા, રાયણ અને મહુડા કયાં છે? કોઈની વાડીયુંમાં છાનામાના જઈને આંબાની કેરીઓ તોડતા'તા, ગામને પાદર ઉગેલા રાયણના ઝાડ ઉપર ચડીને મીઠ્ઠી રાયણ ખાતા'તા, એ બધું હવે ત્યાં નથી, હવે તો માત્ર ત્યાં નોધારી ટેકરીઓ એકલી ઊભી છે, હવે એ ગામમાં શાળા પણ નથી કે જે શાળામાં સૌ મિત્રો, 'સોબતી' ગામ છોડીને જતા રહ્યા છે. હવે એ જ ગામના લોકો 'સરવાળા' કરતા શીખી ગયા છે. જે ગામમાં કદી પણ કોઈ હિસાબો નહોતા થતા ત્યાં આજે ઘેર ઘેર 'સરવાળા' થાય છે. એ આપણી કેટલી મોટી કરુણતા છે? જે ખેતરમાં કેડીયું હતી. ગામની નાની-નાની શેરીઓ હતી ત્યાં હવે ડામરની સડકો થઈ ગઈ છે. હવે ગામમાં સીમ જેવુંકૈ નથી રહ્યું. બધે પાકા મકાનો થઈ ગયા છે. માત્ર સીમ હોવાનો ભાસ રહ્યો છે.

'બા અને બાળપણ' વિનાના ગામના જૂના સંસ્મરણોની પીડા લૈને આરંભાયુ કાવ્ય અંતમાં 'છાશ અને રોટલા' ના અભાવ દ્વારા આપણને સૌને ગ્રામવૈભવ ગુમાવ્યાની અનુભૂતિ કરાવી જાય છે. જુઓ અંતે કવિ શું કહે છે -

'છાશ રોટલો ગયાં વસૂકી ગામ જવાની હઠ છોડી દે
માટીએ પણ માયા મૂકી ગામ જવાની હઠ છોડી દે'

જે ગ્રામજીવનનું રાષ્ટ્રીય ખાણું 'છાશ ને રોટલો' હતું તે હવે વસૂકી ગયું છે. હવે એ છાશ ને રોટલો કયાં જઈને શોધવો? અને ઉપરથી હવે તો માટીએ પણ માયા મૂકી દીધી છે. હવે એ માટીમાં પણ પહેલાં જેવી મમત નથી રહી... માટે હે જીવ. તું એ ગામ જવાની હઠ છોડી દે.

અહીં કવિની અંદર હજીયે વર્ષો પહેલાનો એ 'ગ્રામજન' જીવે છે. યુનિવર્સિટીમાં હજારો વિદ્યાર્થીઓએ ઉચ્ચ શિક્ષણ આપતા કવિ પ્રોફેસર છે પણ એમની અંદરનું સત્વ તો એ 'ગામડું' જ છે. એ ગામડાની માટી સાથે એમનો 'ધૂળસંબંધ' છે. એમના સ્વાદનું સત્ય તો 'રોટલો' જ છે. એમની ઉચ્ચ પરિષદ તો 'ઓટલો' અને 'ચોરો' જ છે. એમને મન ભાષાનું શ્રેષ્ઠ મૂલ્ય તો 'ગ્રામબોલી' ખોવાઈ ગયાની તીવ્ર પીડા કવિને મન છે. અને તેથી

અનુસંધાન પાના નં. ૭ પર

# મોદી સરકારનું 'આર્થિક રીનોવેશન' - ઈરાદો નેક, તૈયારીઓ અપૂરતી...!!!

**રજળપાટ**
અજય ઉપાધ્યાય

જે દેશમાં રોકડમાં વહેવાર અંદાજે ૮૦% જેવો થતો હોય એ દેશમાં ૫૦૦-૧૦૦૦ જેવી મોટી નોટોને અચાનક બંધ કરવાનું પગલું હિંમત અને દુરંદેશી સાથે લેવું પડે. ૮મી તારીખની રાતની એ જાહેરાતને આજે ૧૦ દિવસ જેવું થવા આવ્યું છે અને નોટબંધીના મિશ્ર પ્રત્યાઘાતો મળતા થયા છે. પ્રધાનમંત્રીના એ આકરા પગલાની સીધી અસર અત્યારે તો કાળાનાણા પર સચોટ થઈ હોય એવું લાગે છે.યુપી અને બીજા રાજ્યોની આવી રહેલી ચૂંટણીમાં વપરાનારા બ્લેક્મનીને બ્રેક લાગી ગઈ છે. બને કે ભાજપના અમુક વર્ગને આની જાણ હોય પણ વિપક્ષો લીટરલી આ બાબતે ઊંઘતા ઝડપાઈ ગયા છે અને મમતા, લાલુ, મુલાયમ કે માયાવતી જેવાની બોખલાહટનું એક કારણ એ પણ છે જ. જે દેશમાં એક બેઠક પર ચુંટણી લડવાનો ખર્ચ મીનીમમ ૧૦ કરોડ જેવો આવતો હોય ત્યાં વિચારો કે પગલું કેટલું ઘાતક નીવડી શકે છે. હવાલા અને દાઉદ જેવા ડોન પણ અત્યારે ટેન્શનમાં હશે જ. નો ડાઉટ આટલા મોટા દેશમાં બાઝ નજર રાખવી શક્ય ના હોય ને આ કબાડીયાઓએ કૈક નુસ્ખો તો કર્યો જ હશે પણ એ કેટલો સફળ થયો એ તો ૩૧ પછી જ ખબર પડશે. કાશ્મીર અને આતંકવાદમાં વપરાતા નકલી નાણા પસ્તી થઈ ગયા છે. આ અને આવું જે કાઈ પણ થઈ રહ્યું છે એનું કારણ એક જ છે અને એ છે મારા તમારા જેવા ઈમાનદાર લોકોએ બેંક પર લગાવેલી લાઈનો. પ્રજાએ તો સરકારનો બોલ એકી અવાજે વધાવી લીધો છે પણ સખેદ નોંધવું પડે કે આટલા મોટા દેશમાં આવડી મોટી જાહેરાત લાગુ કરતા પહેલા જે હોમવર્ક થવું જોઈએ એ ક્યાંકને ક્યાંક ઓછું દેખાઈ રહ્યું છે પરિણામે અત્યારે તકલીફ એક જ છે કે સુકા ભેગું લીલું પણ બળે એ ન્યાયે આ કાળાનાણાના આખલાને નાથવાની કોશિશ કરતી સરકારના પ્રયત્નોમાં આમ આદમીના નિર્દોષ ઝાડનો ખો નીકળી રહ્યો છે..! પેલા કરોડોના કાળાનાણાની સાથે સાથે મારી ને તમારી મહેનતની કમાઈના ૩ કે ૫ લાખ પણ કાળાનાણામાં ના ગણાઈ જાય એ જોવાની સરકારની ફરજ બની રહેશે, એમ છતાં પણ કાળું અને નકલી નાંણાની આ નાગચૂડથી જો સદંતર છુટકારો મળતો હોય તો કતારમાં ઉભેલો આમ-આદમી હજુ વધુ દિવસો પણ કતારમાં ઉભા રહેવા હસતા મોઢે તૈયાર છે જ...!!!

૮ મી નવેમ્બરે વડાપ્રધાને રાષ્ટ્રને સંબોધિત કરવાનું શરુ કર્યું ત્યારે એ જીવંત પ્રસારણ જોઈ રહેલા આ લખનાર સહીત અનેકો દર્શકોને રતીભર પણ કલ્પના નહોતી કે આ સંબોધન પૂરું થયા પછીથી ભારત અને ભારતના નાગરિકોની એક નવી જ કસોટી શરુ થવાની છે અને સાથે સાથે દાવ પર લાગવાની છે મોદી સરકારની પ્રતિષ્ઠા પણ. ૫૦૦ અને ૧૦૦૦ની નોટ મોદી સાહેબના એક જ બોલ પર ધરમૂળથી ચલણમાંથી નાબુદ થયાને આજે આ લખ્યા છે ત્યારે શુક્રવારે લગભગ ૧૦ દિવસ થવા આવ્યા છે અને આ દસે દસ દિવસમાં ભારતની તાસીર દિવસે દિવસે નવીનવી કરવટ લઈ રહી છે.મોદી સરકારનો માસ્ટર સ્ટ્રોક કહી શકાય એવો આ નિર્ણય એકદમ જ ને અચાનક લેવાયો હોય એવું હરગીઝ ના હોય શકે કેમકે નકલી ચલણી નોટો અને કાળાનાણાનું એક સમાંતર વિષચક્ર દેશને વર્ષોથી ફોલી ખાઈ રહ્યું છે એમાં કોઈ શક છે જ નહિ અને ઉપરથી આતંકવાદી પ્રવૃતિઓમાં ફેક ચલણનું વિષચક્ર વધતું ચાલ્યું હતું આનો અંદાજ તમને એ વાત પરથી આવી શકશે કે છેલ્લા ૩ મહિનામાં એકલા દિલ્હીમાંથી જ અંદાજે ૩૬ કરોડનું નકલી ચલણ પકડાયેલું. પાકિસ્તાન અને નેપાળ તેમજ બાંગ્લાદેશની બોર્ડર ૨૪ x ૭ આ જ કામ કરતા હતા - નકલી નોટો ભારતમાં ઘૂસાડો અને ભારતનું અર્થતંત્ર બદહાલ કરો. આ બધી જ 'બદમાશી'ને નાથવા માટે કશુક નક્કર કરવું જરૂરી બની જ ગયું હતું, સવાલ એ હતો કે સરકારમાં એ કરવાની નૈતિક હિમ્મત હોવી જોઈએ જે કદાચ આ અગાઉની સરકારોમાં ઓછી અથવા તો નહીવત હતી. જો સરકારની વાત સાચી માનીએ તો દેશમાં અનેકોગણું કાળું અને ફેક નાણું ચલણમાં આવી ગયેલું કે હજુ વધુ આવવાની રાહમાં હતું એવામાં ૧૦ મહિનાની દિમાગી કસરત પછી કાળાનાણા અને નકલી નોટો પર આ 'સર્જીકલ સ્ટ્રાઈક' અચાનક જ કરવી જરૂરી બની ગયેલી.

૮ મી નવેમ્બરે થયેલી જાહેરાતો મુજબ તો એમ જ લાગતું હતું કે સહેલાઈથી સરકાર અને જનતા આ મુસીબતને પાર પડી દેશે અને ખરેખર દેશનું ભલું થાય એવી આ જાહેરાતને સફળ બનાવશે જ પણ આજે ૧૦ દિવસ પછી અને સરકારના અનેકો પ્રયત્નો છતાં પરિસ્થિતિ ભલે બદતર નથી થઈ પણ એટલી બધી સરળ પણ નથી થઈ એ પણ હકીકત છે. ચાલો એક વાત સાથે સહમત કે ચલણ કેન્સલ કરવાનો નિર્ણય અગાઉથી તો જાહેર કરાય જ નહિ એટલે બની શકે કે સરકારે બધા જ પહેલુઓને ધ્યાનમાં રાખીને જે કાઈ પ્રતિબંધો કે નિયમો બનાવ્યા એ કદાચ અત્યાર સુધી તો અપૂરતા જ સાબિત થયા છે એમાં કોઈ શક નથી. સરકારે કદાચ એમ વિચાર્યુંહશે કે પ્રાથમિક નિયંત્રણો પછી પણ જો પરીશ્થીતીમાં સુધાર ના આવે તો વધુ છૂટછાટો આપીશું અને કમનસીબે આજે ૧૦ દિવસ પછી વધુ છૂટછાટો આપવી જ પડી છે કેમકે હકીકત એ છે કે એક પ્રકારની આ 'સ્વચ્છ ભારત' અભિયાનમાં દેશવાસીઓ એકી અવાજે જોડાયેલા તો છે જ પણ આવડા મોટા દેશમાં એકસાથે લાગુ કરવામાં આવેલી આ 'નોટબંધી' ના અમલમાં રહેલી ખામીઓની સૌથી વધુ અસર પણ ' સ્વચ્છતા અભિયાન' ના આ સ્વયંભુ સ્વયંસેવક એવા સામાન્ય નાગરિકોને જ પડી રહેલી છે.

વડાપ્રધાન સહીત સરકારના અનેકો નેતાઓ અને અધિકારીઓએ થોડા દિવસ તકલીફ પડશે એવી વાત કરેલી જ અને રોજ રોજ લેવાતા પગલાઓ એ વાત પણ સૂચવે છે કે સરકાર આમ આદમીને પડતી હાલાકી સમજે પણ છે અને એનો આસન હલ શોધવા સતર્ક પણ છે જ અને ૧૦ નવેમ્બર કરતા આજે ૧૮ નવેમ્બરે હાલતમાં ઘણો સુધારો પણ આવ્યો છે. આમ તો શું છે કે જનરલી મારા કે તમારા ઘરમાં ૧૨ કે ૧૫ હાજર વધુમાં વધુ કેશ ઓન હેન્ડ હોવાની અને અત્યાર સુધીમાં મોટાભાગનાએ એ એક્સચેન્જ અથવા ડીપોઝીટ કરીને વિડ્રો કરી પણ લીધી જ છે એટલે હવે જે લાઈનો દેખાય છે એ મોટાભાગે કમિશનીયા કે એજન્ટોની વધુ છે જોકે હજુ પણ દેશના ઘણા ભાગોમાં સ્થિતિ ગંભીર બનેલી જ છે. એમાયે ખાસ કરીને ખેડૂતો અને વેપારીઓની સમસ્યા હજુ યથાવત જ છે. સરકારે એ બાબતે ટૂંક સમયમાં કશુક નક્કર કરવું પડશે કેમકે ખેડૂતો માટે ખરીદ-

અનુસંધાન પાના નં. ૭ પર